सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૪ જુલાઈ - ૨૦૦૪ અંક ૧

**વાલીઓને,**

## આવકારદાયક નવા અભ્યાસક્રમ

જૂન -૨૦૦૪થી શ્રેણી ૮ થી ૧૧ ના અભ્યાસક્રમો, વિષય માળખા અને પાઠયપુસ્તકોમાં અભિગમ સમગ્ર ભારતમાં ચાલતા NCERT ના માળખાને ધ્યાનમાં રાખીને તૈયાર થઈ રહયા છે.

આજ સુધી શ્રેણી ૧૦ સુધીના અભ્યાસક્રમો જેમ જેમ દબાણો આવતા ગયા તેમ તેમ હળવા થતા ગયા. પરિણામે દેશની જાહેર પરીક્ષાઓ જેવી કે પ્રી મેડીકલ ટેસ્ટ, ઓલ ઈન્ડીયા એન્જીનીયરીંગ એન્ટ્રન્સ એક્ઝામીનેશન તેમજ પ્રખરતા કસોટીઓ તેમજ IIS કક્ષાની પરીક્ષાઓમાં આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ તેજસ્વી હોવા છતાં આગળ આવી શકતા નથી તેવો અનુભવ છે. હાલ શ્રેણી ૧૦ સુધીના અભ્યાસક્રમો એટલા હળવા છે કે આગળ ઉપર સમગ્ર દેશના સંદર્ભમાં તેઓ પહોંચી શકતા નથી. જેમ કે વિજ્ઞાનના વિષયમાં દસમામાં હાલ ૧૦ માર્કસના પણ ભૌતિકશાસ્ત્રનો અભ્યાક્રમ મૂકવામાં આવ્યો નથી.ગણિતમાં પણ એલીમેન્ટ્રી કક્ષાનો અભ્યાસક્રમ હોઈ સામાન્ય વિદ્યાર્થી પણ આ વિષયમાં સારા ગુણ મેળવતો હોઈ આગળ ઉપર વિજ્ઞાનપ્રવાહ, ટેકનીકલ વિષયો એ બધામાં તે પાછો પડે છે અને કેટલાક કિસ્સામાં તો વર્ષોવર્ષ આ ધોરણોમાં નિષ્ફળ જતા વિદ્યાર્થીઓ નિરાશ થઈને આત્મહત્યા કરતા હોય તેવા કિસ્સાઓ પણ છે.

હવેનો નવો અભ્યાસક્રમ થોડો અઘરો જરૂર પડશે પરંતુ તેનો વિરોધ કરીને ઘટાડવા માટેના પ્રયત્નો કરવા તેમાં દુરંદર્શીતા કે ડહાપણનો અભાવ છે. માત્ર કોઈ પણ વિષયમાં ખૂબ ઉંચા ગુણ મેળવતો હોય તો પણ તે આવા હળવા અભ્યાસક્રમને કારણે મળે છે તે નિર્વિવાદ છે. પ્રશ્નપત્રોના ચોક્કસ માળખા, અંદરના દાખલાઓ કે એકસરસાઈઝ મુકાવાનો આગ્રહ પ્રશ્નપત્રોમાં વિકલ્પ આપવાની ટકાવારી માટે દબાણ લાવીને હળવો બનાવવાનો પ્રયત્ન વિદ્યાર્થીઓ માટે ખતરનાક છે. વિદ્યાર્થી સ્વાધ્યાયથી અભ્યાસ કરતો થઈ જાય તેવા પ્રયત્નો વાલીઓએ નાનપણથી જ કરવા જોઈએ. ટ્યુશન રાખીને કે અન્ય મદદ કરીને જેને લાભ થતો હોય તે નુકશાનકારક છે.અંતે તો વિદ્યાર્થીને સમજવાની અને આપમેળે પ્રયત્નો કરીને અભ્યાસ કરવાની પધ્ધતિ જ તેને માટે લાભદાયી છે. આ હકીકત કડવી છતાં ધ્યાનમાં લેવા જેવી છે.

હવે શ્રેણી ૮ માં (૧) માતૃભાષા (૨) અંગ્રેજી (૩) હિન્દી (૪) સંસ્કૃત નવા અભ્યાસક્રમ મુજબ રાખવામાં આવે છે. આ ઉપરાંત વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને સામાજિક વિજ્ઞાન એ ત્રણ વિષયો ફરજીયાત છે. આ ઉપરાંત કોમ્પ્યુટર અને વ્યાયામ રાખવાનું આવે છે.

એ જ રીતે શ્રેણી ૧૧ સામાન્ય પ્રવાહ માટે (૧) ગુજરાતી (૨) અંગ્રેજી (૩) વાણિજ્ય વ્યવસ્થા (૪) નામાના મૂળતત્વો (૫) અર્થશાસ્ત્ર (૬) આંકડાશાસ્ત્ર (૭) કોમ્પ્યુટર અને અર્થશાસ્ત્રના વિકલ્પમાં સેક્રેટરીઅલ પ્રેકટીસ અને વાણિજય વ્યવહારના વિષયો એમ કુલ સાત વિષયો ફરજીયાત આ શાળામાં લેવાના થશે. આમાં અન્ય કોઈ વિકલ્પ રહેશે નહી તેની નોંધ લેવી.

હવે વિજ્ઞાનપ્રવાહ માટે નીચે મુજબ ૫ અથવા ૬ વિષયો આ શાળામાં રહેશે. (૧) અંગ્રેજી (૨) કોમ્પ્યુટર એજ્યુકેશન (૩) રસાયણ વિજ્ઞાન (૪) ભૌતિકશાસ્ત્ર અને ગણિત અને / અથવા જીવ વિજ્ઞાન લઈ શકાશે અને ૫૦૦ અથવા ૭૦૦ ગુણ રહેશે. આ સિવાય કોઈ વિષય વિજ્ઞાનપ્રવાહમાં લઈ શકાશે નહી

ઇન્દુભાઈ દવે
ના વંદન

## સંસ્થાનું ગૌરવ

'શારદ'માં થોડા સમય પહેલા મેં સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની જ્યોતિ અમૃતલાલ શાહને ભારતનાં રાષ્ટ્રપતિશ્રીએ તે માટેનાં ખાસ સમારંભમાં ઉપસ્થિત રહી તેની વૈજ્ઞાનિક સિધ્ધિ બદલ તેનું બહુમાન કર્યું તે જણાવ્યું.

મને જણાવતાં આનંદ થાય છે કે બેન વિશાખા દેસાઈને એશિયા સોસાયટીનાં નવા અધ્યક્ષ નીમવામાં આવ્યા છે. સંસ્થાના વડા તરીકેની તેમની નિમણૂંકની જાહેરાત સોસાયટીના બોર્ડના અધ્યક્ષ રિચાર્ડ સી. હોલબુક દ્વારા કરવામાં આવશે, આ સંસ્થાની સ્થાપના ૧૯૫૬માં જહોન ડી. રોકફેલર ત્રીજા દ્વારા કરવામાં આવી હતી ગુજરાતનાં વરિષ્ઠ પત્રકાર અને જાણીતા સ્વાતંત્ર્યવીર શ્રી નીરૂભાઈ દેસાઈના તે પુત્રી છે. આ સંસ્થામાં તેમણે બાલમંદિરથી માંડીને ધોરણ ૧૧ સુધીનો અભ્યાસ કર્યો છે. તેજસ્વી કારકિર્દીને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈને શ્રેણી ૧૧ માં આ સંસ્થામાંથી તેઓ પાસ થયા હતા. સંસ્થા તેમને અભિનંદન પાઠવતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

આદિવાસીઓમાં નમૂનેદાર, આદિવાસી કન્યાઓનાં શિક્ષણની જવાબદારી ઉપાડનાર ૯૧ વર્ષનાં શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસા આ સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની છે. તેઓ હાલ ડાંગ જેવા પછાત જિલ્લામાં સાપુતારા નજીક ઋતંભરા નામની સંસ્થા આદિવાસી વિદ્યાર્થિનીઓ માટે ચલાવે છે. તેમને તાજેતરમાં પદ્મશ્રીનો એવોર્ડ મળ્યો તે સંસ્થા માટે આનંદ અને ગૌરવની વાત છે.

આ સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન રાણી દર્શનભાઈ દવે (હાલ રાણી વિશાલભાઈ પટેલ) ગુજરાતી માધ્યમમાં શ્રેણી ૧૨ ની પરીક્ષા આપીને સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અંગ્રેજી સાથે બી.એ. થયા તેમજ એમ.એ.માં પણ પ્રથમ વર્ગ મેળવ્યો તેઓએ તાજેતરમાં અંગ્રેજી વિષય લઈને Mircea Eliade's "Bengal Nights" and Maitreyi devi's " It does not Die "A comparative study વિષય પર મહાનિબંધ લખી ડૉ.આર.કે.માંડલિયાના માર્ગદર્શન હેઠળ એમ.ફીલની ઉપાધિ મેળવી છે. રાણીબેનને ધન્યવાદ આપતા સંસ્થા ગૌરવ અનુભવે છે.

અનુસંધાન પાના નં.૪ ઉપર

## "બેન ! એને ભણવું જ નથી ગમતું..."

બેન ! અર્ચનને સમજાવોને, વર્ગમાં જવાની જ ના કહે છે. હું તો સમજાવીને થાકી, સવારના ઉઠે ત્યારથી તો એવો સરસ હોય છે પણ દસ વાગે ને જમવા માટે બૂમ પાડું, ને કહું કે પછી રીક્ષા આવી જશે ને એ ઢીલો થઈ જાય છે. કયાંતો 'માથું દુઃખે છે' ને નહીં તો 'પેટમાં દુઃખે છે' ની ફરિયાદ કરશે અને એટલે મને એમ થાય કે જાતે મૂકી આવું પણ પછી અહીં મને છોડતો જ નથી. બેન ! એનું શું થશે ? રોજ રોજ આવું કરે પછી એનું ભણવાનું ન બગડે ? "

'બેન ! તમારો અર્ચન કયા ધોરણમાં ભણે છે ? એને યુનિવર્સિટીની પરીક્ષા તો નથી ને ?' બાલમંદિરમાં મુક્ત વાતાવરણમાંથી બાળક અહીં પહેલા ધોરણમાં આવે એટલે ભણવાનું વધે, રમવાનું ઘટે. વર્ગમાં સંખ્યા ય વધે એટલે બાળક હજી એ બધામાં ગોઠવાય એ પહેલા તમે ભણવાની આટલી ઉતાવળ કરો એટલે બાળકને સ્કુલ માટે અણગમો જ થાય ને ! ભણાવવાની આટલી બધી ઉતાવળ શું કામ કરો છો ?

'બેન ! આ કુનાલ વર્ગમાંથી કશું જ લખીને નથી આવતો, એને ઘેર ભણાવવો કેવી રીતે ? રોજ અધૂરૂં જ લખેલું હોય, રોજ કોની નોટ શોધવા જાઉં ? મને તો એવી ચિંતા થાય છે કે એ નપાસ ન થાય તો સારું..' બીજા ધોરણમાં ભણતાં કુનાલના મમ્મીની અકળામણનો પાર ન હતો. મારે સમજાવવું પડયું, 'બેન ! કુનાલે બોર્ડ પર લખેલું બધું ન ઉતાર્યું હોય તો એમાં શું આભ તૂટી પડવાનું છે ? શિક્ષકે બોર્ડ પર લખ્યું હોય એ શું બધાં જ બ્રહ્મવાકયો હોય છે ! બાળક તો નિજાનંદની મસ્તીમાં મહાલતું હોય.. નાનું હોય અને પાંચ સાત શબ્દો બાકી રહી જાય તો એમાં શું તકલીફ પડી જવાની છે ? તમે બધાં ગ્રેજ્યુએટ તો હો છો જ, ચોપડીમાં જોઈને તમે ય ઘેર એ લખાવી શકો જ ને ! પણ તમને બધાંને એક એવી ઘેલછા લાગુ પડી ગઈ છે કે બોર્ડ પર લખાય એ શબ્દશઃ બાળકે નોટમાં લખવું જ જોઈએ, બેન ! બાળક વધુ લખે એટલે વધુ હોંશિયાર થઈ જાય એવું કેમ માનો છો ?એને સમજ પડવી જોઈએ. એને રસ પડવો જોઈએ. શિક્ષણનો હેતુ છે સ્વતંત્રવિચાર શક્તિ ખીલવવાનો અને મુક્ત રીતે અભિવ્યક્તિ કરી શકે તેમ તૈયાર કરવાનો, પણ આપણે તો સમજીને કે સમજ્યા વિના બોર્ડ પરથી બધું જ ઉતારી લે, અને તેને પોપટની જેમ ગોખી ગોખીને પરીક્ષામાં લખી નાખીને વધુ માર્કસ લાવે એને જ શિક્ષણ સમજી બેઠા છીએ. બાળકને પછી ભણવામાં રસ કયાંથી પડે ? એને સ્કુલે આવવાનું ય મન કયાંથી થાય !

હજી આ ય ઓછું હોય તેમ સ્કુલ છૂટે ને બાળક છ કલાક પછી દોડતું માને વ્હાલ કરવા અધીરૂં થઈ આવે ત્યારે એને વ્હાલથી ગળે લગાડવાને બદલે મા એનું દફતર ઝૂંટવી લઈ કેટલું લખ્યું ને કેટલું અધૂરૂં છે તે જોવા નોટો લઈને અહીંને અહીં બેસી જાય અને પછી એમાં કશું ય અધૂરૂં રહી જાય તો એના નાજુક ગાલ પર લપડાક પડી જ જાય. બાકી હોય તો 'ટીચર લડશે' એવી બીક બતાવવામાં આવે, આપણે માબાપો જ બાળકનાં મગજમાં સ્કુલ માટે, ટીચર માટે એવી એક ગ્રંથિ ઉભી કરી દઈએ છીએ કે બાળકને સ્કુલ માટે અણગમો થયા વિના રહે જ નહીં, ભણવાનું મન જ ન થાય.. એકવીસ વર્ષનું થાય ત્યાં સુધી એને અભ્યાસની પ્રવૃત્તિ સાથે જ સંકળાયેલાં રહેવાનું છે તે માટે જ આમ શરૂઆતથી અણગમો ઉભો કરીને આપણે બાળકનાં વિકાસમાં કેવો મોટો અવરોધ ઉભો કરી રહ્યાં છીએ તે વિચારીએ છીએ ખરા ! ઈશ્વરે બાળકમાં જીજ્ઞાસાવૃત્તિ મૂકી છે, એને ભણવાનું, નવું નવું જાણવાનું મન કેમ્ ન થાય !

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

બાલવાડીનું પ્રથમ સત્ર ૧૪મી જૂનથી શરૂ થયું. જૂન માસમાં ૭૫ બાળકોએ બાલવાડીમાં આગમન કર્યું. એક જ અઠવાડીયામાં બાળકો રસપૂર્વક પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. રમતના મેદાનમાં મન મૂકીને રમવું, સંગીતમાં તન્મય બનીને અભિનય સાથે ગીતો ગાવા, ઉદ્યોગમાં મોતીકામ અને માટીકામમાં બાળકો રસપૂર્વક ભાગ લેતા થયા છે. મુક્તવ્યવસાયના સાધનો પર બાળકો સ્થિરતાથી હવે રમવા લાગ્યા છે. બાળકોને બાલવાડીનું હરિયાળું વાતાવરણ ખૂબ જ મોકળાશભર્યું લાગે છે.

વાર્તા સાંભળવી, જોડકણાં ગાવા અને નાસ્તો કરતી વખતનાં સામાન્ય નિયમોથી હવે બાળકો પરિચિત થવા લાગ્યા છે.

જુલાઈ મહિનાથી બાળકોએ જીવનવ્યવહાર અને ઈન્દ્રિયશિક્ષણના પાઠની શરૂઆત કરી છે. ફ્લેનલબોર્ડ પર પાળેલા પશુ તથા જંગલી પશુઓનો પરિચય તેઓએ મેળવ્યો છે.

તા. ૧-૭-૦૪ને ગુરુવારે બાળકોને માંકડાનો ખેલ બતાવ્યો હતો.

ગૌરીવ્રતમાં સુંદર મજાનાં રંગબેરંગી ચણિયાચોળી પહેરીને બાળાઓ માથે જવારા મૂકી ગરબે ઘૂમી, એમનો આનંદ માતો ન હતો.

## બાલમંદિર

ઉનાળાના વેકેશનની રજાઓની મજા માણી બાળકો તા.૧૪મી જૂનથી બાલમંદિરમાં ઉત્સાહભેર આવતા થઈ ગયા છે. નવા બાળકો ખૂબ ઝડપથી બાલમંદિરના વાતાવરણમાં સરસ રીતે ગોઠવાઈ ગયા છે. આખું બાલમંદિર વિદ્યાર્થીઓના ઉત્સાહ અને પ્રવૃત્તિઓથી ફરી ધમધમતું થઈ ગયું છે. ગૌરીવ્રતનો ઉત્સવ બાળકોએ ઉત્સાહભેર ઉજવ્યો. રંગબેરંગી અને ભભકદાર ચણિયાચોળી અને ઓઢણીમાં સજ્જ થઈ બહેનોએ 'ગોરમાનો વર કેસરિયો' ગાતા ગાતા ગરબે ઘૂમી વાતાવરણને ઉલ્લાસમય બનાવી દીધું.

તા.૧-૭-૦૪ને ગુરુવારે બાલમંદિર અને તાલીમના બાળકોને માંકડાનો ખેલ બતાવ્યો.

તાલીમના બાળકો સ્થાપનાદિન અને જન્માષ્ટમીના ઉત્સવની તૈયારીમાં લાગી ગયા છે.

બાલમંદિર બ વિભાગના બાળકોએ તા.૧૭-૭-૦૪ને શનિવારે જલારામ મંદિરની મુલાકાત લીધી હતી. ભગવાન સામે ભાવપૂર્વક બેસી ધૂન ગાઈ અને પછી પ્રસાદનો આસ્વાદ માણ્યો હતો.

## શિશુમંદિર

તા.૬-૭-૦૪ના રોજ ધોરણ ૫-૬-૭ના મહામંત્રી, ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ. જેમાં નીચેનાં વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | ભાઈઓ | વત્સલ સુરતવાલા |
| | બહેનો | શૈલજા શાહ |
| ઉપમંત્રી | ભાઈઓ | ઐનિશ દવે |
| | બહેનો | લેખા મહેતા |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | આનંદવર્ધન પરીખ |
| | | ઉપનેતા | પૌરિન શાહ |
| | (બહેનો) | નેતા | ઋતુ શાહ |
| | | ઉપનેતા | ઝીલ શાહ |

| | | | |
|---|---|---|---|
| મેઘનાદ | (ભાઈઓ) | નેતા | અમન શુક્લ |
| | | ઉપનેતા | ધવલ શાહ |
| | (બહેનો) | નેતા | ભૂમિ મકવાણા |
| | | ઉપનેતા | પરીશા દલાલ |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતા | રાહીલ જાની |
| | | ઉપનેતા | કવન શાહ |
| | (બહેનો) | નેતા | ધ્વનિ ઠાકોર |
| | | ઉપનેતા | નિધિ દવે |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | ચિંતન શાહ |
| | | ઉપનેતા | મૌનિલ મહેતા |
| | (બહેનો) | નેતા | ખુશાલી શાહ |
| | | ઉપનેતા | રાજવી શાહ |

તા.૨-૭-૦૪ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે 'ગુરુર્દેવો ભવ' વિષય પર વિદ્યાર્થીઓએ ભાવવાહી અને માહિતીસભર વકતવ્ય રજૂ કર્યા.

## વિનયમંદિર

તા.૫-૭-૦૪ના રોજ ધો.૮,૯,૧૦નાં મહામંત્રી, ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયાં.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | શુભમ્ બક્ષી |
| | (બહેનો) | કવિના મુનશી |
| ઉપમંત્રી | (ભાઈઓ) | ધ્રુવ દેસાઈ |
| | (બહેનો) | જાનકી શાહ |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | (ભાઈઓ) | નેતા | દેવસ્ય જાની |
| | | ઉપનેતા | વેદાંગ બક્ષી |
| | (બહેનો) | નેતા | સ્તુતિ રાયબાગકર |
| | | ઉપનેતા | સલોની શાહ |
| ગીતગોવિંદ | (ભાઈઓ) | નેતા | સહજ પરીખ |
| | | ઉપનેતા | મંથન શાહ |
| | (બહેનો) | નેતા | ભાગ્યશ્રી દેસાઈ |
| | | ઉપનેતા | આત્રૃષિ ત્રિવેદી |
| પદ્મપુકુર | (ભાઈઓ) | નેતા | સમ્યક શાહ |
| | | ઉપનેતા | અકુલ મોદી |
| | (બહેનો) | નેતા | પંક્તિ લાડ |
| | | ઉપનેતા | માનસી ત્રિવેદી |
| ચંદ્રમૌલિ | (ભાઈઓ) | નેતા | મિલિન વોરા |
| | | ઉપનેતા | કર્ણ જાની |
| | (બહેનો) | નેતા | જાનકી દેસાઈ |
| | | ઉપનેતા | જીનાલી સંઘવી |

તા.૨-૭-૦૪ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે પ્રાર્થનાસભામાં કાર્યક્રમ યોજાયો. શ્રી દિનેશભાઈએ , શ્રી ઉર્મિલાબેને વિદ્યાર્થીઓને સંબોધન કર્યું અને વિદ્યાર્થીઓએ પણ ગુરુ માટેની તેમની ભાવના વ્યક્ત કરતાં વકતવ્યો સુંદર શૈલીમાં રજૂ કર્યા.

દિવ્યભાસ્કર : સ્કુલમાંથી નીચેના ભાઈબહેનોની કબ રીપોર્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ તેમનાં લખાણ એ કબરીપોર્ટરને આપવા.(૧) વત્સલ સુરતવાલા (૨) ખુશાલી શાહ (૩) ઉર્જિત શાહ (૪) શૈલી ઠાકોર.

**બોર્ડના પરિણામ :-**

માર્ચ ૨૦૦૪માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહનું શાળાનું પરિણામ ૯૮.૪૦ % આવ્યું છે. એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૨.૯૦ % આવ્યું છે.ન્યુ એસ.એસ.સી.નું પરિણામ ૧૦૦ % આવ્યું છે.

એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહમાં શાળાનાં વિદ્યાર્થી **શાહ હિમલ મહિપતભાઈ બોર્ડમાં આઠમા અને કેન્દ્રમાં આઠમા નંબરે આવ્યા છે તે બદલ તેમને ધન્યવાદ.**

શાળામાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર પટેલ આનંદ મહેન્દ્રભાઈને સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૨૫ /- મળે છે.

(૨) એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર શાહ હિમલ મહિપતભાઈને સ્વ. પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૩) એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર શાહ કૈરવ કિર્તીભાઈ અને શાહ કુશલ સુકેતુભાઈને સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે રૂ. ૧૨૫ /- નું ઈનામ વહેંચાય છે.

(૪)ન્યુ એસ.એસ.સી., એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં શાળામાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની દરેક વિદ્યાર્થિનીઓને સ્વ.તનુમતિબેન પટેલના સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૦૧ /- મળે છે.

| | | |
|---|---|---|
| (૧) | ન્યુ એસ.એસ.સી. | ઝાલા ધ્વનિ વિરભદ્રસિંહ |
| (૨) | એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહ | શાહ ઉષ્મા દિપકભાઈ |
| (૩) | એચ.એસ.સી.સામાન્ય પ્રવાહ | શાહ ઉત્સવી સિધ્ધાર્થભાઈ |

(૫) ન્યુ એસ.એસ.સી.શાળામાં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર પટેલ આનંદ મહેન્દ્રભાઈને રૂ. ૧૨૫/- અને દ્વિતીય આવનાર સંઘવી વિશદ કુંતલભાઈને રૂ.૧૦૧/- નું ઈનામ સ્વ.વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે મળે છે.

(૬) ન્યુ એસ.એસ.સી.માં માં ગણિત વિજ્ઞાનના કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ માર્કસ મેળવતા શાહ હાર્દ રાજેશભાઈને સ્વ. પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ. ૧૦૧ /- નું ઈનામ મળે છે.

(૭) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવનાર શાહ હાર્દ રાજેશભાઈને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સમરણાર્થે રૂ. ૧૦૧/- નું ઈનામ મળે છે.

(૮) સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર શાહ ઉત્સવી સિધ્ધાર્થભાઈને રૂ. ૧૨૫/- તથા દ્વિતીય આવનાર પરીખ નીશા રાજેશભાઈને રૂ. ૧૦૧/- નું ઈનામ મળે છે.

(૯) એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહમાં ઈજનેરી તથા મેડિકલ માટેના મેરીટ લીસ્ટમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર શાહ હિમલ મહિપતભાઈને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/- ઈનામ મળે છે.

(૧૦) લલિતકલાક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ સ્વ.કાશીબેન વલ્લભરામ વૈદ્યનાં સ્મરણાર્થે ત્રિવેદી ભૂમિને પ્રથમ ઈનામ રૂ. ૧૨૫/- તથા દોશી વૃષાંકીને દ્વિતીય ઈનામ રૂ.૧૦૧/- મળે છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને ધન્યવાદ.**

અનુસંધાન પાના નંબર -૧ ઉપરથી

સંસ્થાના શિક્ષિકા કાર્યકર બેન નિકુંજબેન જાની હિન્દી સાહિત્યમાં વર્ષોવર્ષ ઘણા પારિતોષિક મેળવે છે. તેઓને નવલિકાઓ માટે તેમજ નવલિકાના સંગ્રહ માટે હિન્દી સાહિત્ય પરિષદ તરફથી અનેક વખત પારિતોષિક રાજ્યના ગવર્નરશ્રીના હસ્તે પ્રાપ્ત થયા છે. આ નોંધ લેતા સંસ્થાને ગૌરવ થાય છે.

આ સંસ્થામાં હાયર સેકન્ડરીમાં ગુજરાતી વિષય લેતા બેન સુધાબેન ભટ્ટ ગુજરાતી સાહિત્ય પરિષદ સાથે વિદ્યાર્થીનો વારંવાર પરિચય કરાવીને વિદ્યાર્થીની શક્તિઓ બહાર લાવવા સતત પ્રયત્નશીલ રહે છે. તાજેતરમાં તેઓને મુંબઈની ગુજરાતી સાહિત્ય સભાએ તેમનાં લખેલા કાવ્યો રજૂ કરવા માટે નિમંત્રણ મોકલ્યું હતું, તેની નોંધ લેતા પણ સંસ્થા ગૌરવ અનુભવે છે.

**એકલવ્ય સ્કોલરશીપ :**

એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી તા.૮,૯,૧૦ અને ૧૧માં બેનોમાં પ્રથમ આવનારને ઉપરોક્ત સ્કોલરશીપ આપવામાં આવે છે. જેમાં નીચેની વિદ્યાર્થિનીઓને આ એકલવ્ય સ્કોલરશીપ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

| | | |
|---|---|---|
| ૧. | તલાટી કોમલ સુકેતુભાઈ | ધો.૮ |
| ૨. | શાહ કક્ષા ભગીરથભાઈ | ધો.૯ |
| ૩. | ઝાલા ધ્વનિ વિરભદ્રસિંહ | ધો.૧૦ |
| ૪. | શાહ હેલી સુધીરભાઈ | ધો.૧૧ વિ.પ્ર. |
| ૫. | દેસાઈ પરિતા નિલયભાઈ | ધો.૧૧ સા. પ્ર. |

## અભિનંદન

વિવિધ ક્ષેત્રોમાં નીચેના વિદ્યાર્થીઓએ ગણનાપાત્ર સિધ્ધિ મેળવી છે. તે માટે તે સૌને અભિનંદન.

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| The 12th International Art Exhibition for children & young people 2004 | શૈલ એમ.રાવલ | ડિપ્લોમા પ્રમાણપત્ર તથા ફીનલેન્ડ ચંદ્રક |
| દિવ્યભાસ્કર રંગપૂરણી હરીફાઈ | શૈલી કે.ભટ્ટ | બીજું ઈનામ રૂ.૨૦૦ /- |
| ગુજરાત કાઉન્સીલ સાયન્સ સીટી Earthday Celebration પોસ્ટર પેઈન્ટીંગ | રૂપાંગ ટી.શાહ | પ્રથમ ઈનામ |
| ગ્રામિણ ફોન ઈન્ટરનેશનલ ચીલ્ડ્રન પેઈન્ટીંગ કોમ્પીટીશન | નિસર્ગ એમ.શાહ | રૌપ્ય ચંદ્રક |
| | **સ્કેટીંગ** | |
| હાઈપર ઈન્વીટેશનલ ઓપન સ્ટેટ ચેમ્પીયનશીપ | રોહન ઘોડિયાવાળા | કાંસ્ય ચંદ્રક |
| | **સંગીત** | |
| 'હોરાઈઝન' અખિલ ગુજરાત હળવું કંઠ્ય સંગીત | આનલ વસાવડા | દ્વિતીય |
| | **કરાટે** | |
| ગુજરાત સ્ટેટ એમેચ્યોર ટેકવેન્ડો એસોસીએશન | પૌરીન જે. શાહ | રેડ - I |
| અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્ | રાજ લવિંગિયા | ગ્રીન - I |
| | | ગ્રીન - II |
| | શુભમ્ બક્ષી | બ્રાઉન - II |
| | **ચેસ** | |
| ઓરીએન્ટ કલબ અમદાવાદ | વરુણ સંજય રાવલ | |
| | શૈલ સંજય રાવલ | દ્વિતીય |

**ક્રિકેટ :** વિમેન્સ ક્રિકેટ એસોસીએશન ઓફ ઈન્ડિયા દ્વારા સબજુનિયર નેશનલ વિમેન્સ ક્રિકેટ ચેમ્પીયનશીપ નવી દિલ્હી ખાતે તા.૧૬-૭-૨૦૦૪થી ૨૬-૭-૨૦૦૪ સુધી રમાનાર છે જેમાં આપણી શાળામાં ધોરણ -૯ ક ની વિદ્યાર્થિની ચિ.ક્રિષ્ના પટેલ પસંદગી પામી છે તે માટે તેને ધન્યવાદ. આ રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત સહિતનાં બાર રાજ્યો ભાગ લેશે. બેન ક્રિષ્નાએ વિદર્ભ વિમેન્સ ક્રિકેટ એસોસીએશન નાગપુર આયોજીત વેસ્ટ ઝોન નેશનલ જુનીયર વિમેન ક્રિકેટ ચેમ્પીયનશીપમાં તા.૭ થી ૯ જુન ૨૦૦૪ દરમ્યાનભાગ લીધો હતો અને સારો દેખાવ કર્યો હતો અને ત્યારબાદ આ પસંદગીમાં સફળ નીવડયા છે.

School Games Federation of India આયોજીત 48th National School Games Championshipમાં સ્કેટીંગમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી ચિ.નિધિ બીરેન શાહે ૨૦૦૪ થી ૨૦૦૫ના વર્ષ માટે રૂ. ૧૮૦૦ની શિષ્યવૃત્તિ મેળવી છે.

શ્રી સદાશીવ ફાઉન્ડેશન તરફથી યોજાયેલ ઈંગ્લીશ એફીશીયન્શી એકઝામીનેશનમાં ચાલીસહજાર નિરાલી સુનીલભાઈ પ્રથમ આવ્યા છે.

**સૂચના :** આપના પાલ્ય માટે કોઈ કારણસર શાળામાં મળવું હોય તો સોમથી શુક્ર બપોરે ૩-૦૦ થી ૪-૦૦માં મુખ્ય ઓફિસનો સંપર્ક સાધવો. સીધા વર્ગમાં જવું નહી. દરેક વિદ્યાર્થીએ ગણવેશનો ચૂસ્તપણે અમલ કરવો.

## બાલવાડી પ્રવેશ અંગે

હવેથી અંગ્રેજી માધ્યમ પણ શરૂ કર્યું હોઈ શાળાની પ્રવેશ નીતિમાં મહત્વનો ફેરફાર થાય છે

દર વર્ષે અમે વર્ષોવર્ષ પ્રવેશફોર્મ આપીને ડીસેમ્બર જાન્યુઆરીમાં પ્રવેશનું કાર્ય કરતા હતા. હવે વાલીઓએ પોતાનું બાળક જુલાઈ માસમાં બે વર્ષનું થાય તે પહેલાં શાળામાં પ્રવેશ માટેની પ્રતિક્ષાયાદીમાં તે માટેનું ફોર્મ લઈને નોંધણી કરાવી દેવી આવશ્યક છે અને આગળ ઉપર માધ્યમ કયું રાખવું છે તેનીજાણ કરવી. આ પ્રવેશ માટેની પ્રતિક્ષાયાદીમાંથી બાળક અઢી વર્ષનું થાય ત્યારે વાલીને આગોતરી જાણ કરી એને પ્રવેશ આપીશું. આ પધ્ધતિને કારણે આજ સુધી અમે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં બાળકોને તેમજ જેમનાં ભાઈ - બહેનો અહીં ભણતાં હોય તેમને અગ્રતાક્રમે પ્રવેશઆપતા તે હવે ચુસ્તપણે પાળી શકાશે નહી. આથી વાલીઓએ જાગૃત બનીને અમે જણાવ્યું છે તે મુજબ **પ્રવેશપ્રતિક્ષા યાદીમાં બાળક બે વર્ષનું થાય તે પહેલાં નામ રજીસ્ટર કરાવી દેવું.**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : shardamandir1924@rediffmail.com